# India strongly condemns the barbaric terrorist attacks in Afghanistan

May 12, 2020

## ભારત અફઘાનિસ્તાનમાં કરવામાં આવેલા નિષ્ઠુર આતંકવાદી હુમલાઓની પ્રબળ નિંદા કરે છે

મે 12, 2020

11-12 મે નાં રોજ દશ્ત-એ-બાર્ચિ હોસ્પિટલ મેટરનિટી વૉર્ડમાં, નંગારહાર પ્રાંતમાં દફ્ન વીધિમાં અને લાઘમાન પ્રાંતમાં આર્મી ચેક પોસ્ટ પર મહિલાઓ અને બાળકો સહિત નિર્દોશ નાગરિકો પર કરવામાં આવેલા નિષ્ઠુર આતંકવાદી હુમલાઓની પ્રબળ નિંદા કરે છે. માતાઓ, નવજાત બાળકો, નર્સો અને મૃત્યું પર શોક વ્યક્ત કરી રહેલા કુટુંબો પર કરવામાં આવેલા આવા નિંદનીય હુમલાઓ બિહામણા છે અને માનવતા સામેનાં ગુનાઓ છે.

અમે મૃતકોનાં પરિવારો તરફ અંતઃકરણપૂર્વકનો દિલાસો વ્યક્ત કરીએ છીએ અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

આતંકવાદનાં આવા સતત કૃત્યો માટે કોઇ વાજબીપણું ન હોઇ શકે. આવા જઘન્ય કૃત્યોનાં દોષિતો અને તેઓનાં પ્રાયોજકો અને સમર્થકોને જવાબદાર ઠેરવવા જોઇએ અને ન્યાય મળવો જોઇએ. આ પ્રાંતમાં આતંકવાદને આશ્રય આપી અને પ્રાંતમાં અકથિત સંખ્યામાં લોકો પર કાળો કહેર વર્તાવનાર સુરક્ષિત આતંકવાદનાં સ્થળો અને આશ્રયસ્થાનોનો નાશ કરવા તેઓને દબાણ કરવું જોઇએ.

ભારત અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા લાવવાનાં પ્રયાસોમાં અફઘાનિસ્તાનનાં લોકો, સરકાર અને સુરક્ષા બળો સાથે ઐક્યતાની ભાવનાથી ઉભો છે. પવિત્ર રમઝાન મહિનો ઉપવાસ, પ્રાર્થના અને મનોમંથનનો સમયગાળો હોવો જોઇએ. અમે અફઘાનિસ્તાનમાં આતંકવાદી હિંસા ત્વરીત રીતે થાય તે માટે અને કોરોનાવાઇરસનાં ફેલાવામાંથી ઉદ્ભવતી માનવીય પરિસ્થિતિનો નિવેડો લાવવા માટે આહ્વાન કરીએ છીએ.

**નવી દિલ્હી**
**મે 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.